Kundal Soft Tech
Kundal Soft Tech
Siddhanath Complex, K.V.Road Jamnagar - 361001
Science School
+91 88666 27697
+91 88660 27697
www.sskundal.com
sskundal@gmail.com

વિષય : વિજ્ઞાન | ધોરણ : 10 | યૂનિટ ટેસ્ટ – ૩ | તારીખ : 20/07/2019 – શનિવાર | કુલગુણ : 40

**■ આપેલા બહુવિકલ્પી જવાબવાળા પ્રશ્નો માટે સાચા વિકલ્પનો ક્રમ અને જવાબ લખો.** **4**

**1.** બહિર્ગોળ લેન્સ વડે કેવું પ્રતિબિંબ મેળવી શકાતું નથી ?

**[A]** વાસ્તવિક અને નાનું **[B]** વાસ્તવિક અને મોટું **[C]** આભાસી અને નાનું **[D]** આભાસી અને મોટું

**2.** Znના સળિયાને કૉપર નાઇટ્રેટના દ્રાવણમાં મૂકી અવલોકન કરતાં ...

**[A]** Zn પર Cu જમા થાય છે. **[B]** Cu પર Zn જમા થાય છે.

**[C]** $Cu^{2+}$નું ઑક્સિડેશન થાય છે. **[D]** દ્રાવણનો વાદળી રંગ ઘાટો બને છે.

**3.** નીચેનાં દ્રવ્યો પૈકી લેન્સ બનાવવા માટે કયા દ્રવ્યનો ઉપયોગ થઈ શકે નહીં ?

**[A]** પાણી **[B]** કાચ **[C]** પ્લાસ્ટિક **[D]** ક્લે (માટી)

**4.** નીચેનામાંથી કયા અક્ષર(આલ્ફાબેટ)ના પ્રતિબિંબની બાજુઓ અરીસામાં ઊલટાયેલી જોઈ શકાય છે ?

**[A]** W **[B]** X **[C]** Y **[D]** Z

**■ આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ એક શબ્દ કે અંકમાં ઉત્તર લખો.** **3**

**5.** લોખંડ માટે કાટનું સૂત્ર લખો.

**6.** ક્ષારણ ના થાય તેવી બે ધાતુનાં નામ લખો.

**7.** કાર્બન ડાયસલ્ફાઇડનો નિરપેક્ષ વક્રીભવનાંક 1.63 છે, તો પ્રકાશના વેગના સંદર્ભમાં આ વિધાનનું અર્થઘટન કરો.

**■ આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **2**

**8.** આપેલ રાસાયણિક સમીકરણ $3Fe(s) + 4H_2O(g) \rightarrow Fe_3O_4(s) + 4H_2(g)$ માટે – Fe નું ઑક્સિડેશન થાય છે.

**9.** $MgO + H_2 \rightarrow Mg + H_2O$ એ ઑક્સિડેશન પ્રક્રિયા છે.

**■ આપેલા વિધાનો સાચાં બને તે રીતે ખાલી જગ્યા પૂરો.** **2**

**10.** ............... પ્રતિબિંબો પડદા પર મેળવી શકાય છે.

**11.** લેન્સ વડે મળતી પ્રતિબિંબની મોટવણી ઋણ છે. તેથી પ્રતિબિંબ ............... અને ............... હશે.

**■ ટૂંકનોંધ લખો.** **3**

**12.** ક્ષારણ *(Corrosion)*

**■ આપેલા પ્રશ્નોના આશરે 40 થી 50 શબ્દોમાં માગ્યા મુજબ ઉત્તર લખો.** **6**

**13.** એક ચળકતા કથ્થાઈ રંગના તત્ત્વ '$x$'ને હવામાં ગરમ કરતાં તે કાળા રંગનું બને છે. તત્ત્વ '$x$' તેમજ બનતા કાળા રંગના સંયોજનનું નામ આપો.

**14.** પ્રકાશનું પરાવર્તન એટલે શું ? તેના પ્રકારો જણાવો.

**15.** એક માધ્યમમાંથી બીજા માધ્યમમાં પ્રવેશતા પ્રકાશના કિરણ માટે વાંકા વળવાની ઘટના ન થવાની (એટલે કે વિચલિત ન થવાની) શરતો જણાવો.

**■ આપેલા પ્રશ્નોના આશરે 60 થી 80 શબ્દોમાં મુદ્દાસર ઉત્તર લખો. (કોઈપણ બે)** **6**

**16.** ઘરની દીવાલો ધોળવા માટે શું વપરાય છે ? તે પદાર્થ કેવી રીતે બને છે , તે સમીકરણ લખી સમજાવો.

**17.** રાસાયણિક સમીકરણ કેવી રીતે લખાય છે ? યોગ્ય ઉદાહરણ દ્વારા સમજાવો.

**18.** નાના દર્પણમુખવાળા અંતર્ગોળ અરીસા સામે વસ્તુને C (વક્રતાકેન્દ્ર) પર મૂકવામાં આવે, તો મળતા પ્રતિબિંબના સ્થાન, પ્રકાર અને પરિમાણનું કિરણાકૃતિ દોરી વર્ણન કરો :

**■ આપેલા પ્રશ્નોના આશરે 90 થી 120 શબ્દોમાં માગ્યા મુજબ સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ બે)** **8**



**19.** ગોલીય લેન્સની મોટવણી માટેનું સૂત્ર $m = \frac{v}{u}$ મેળવો.

**20.** રેડૉક્ષ પ્રક્રિયા અથવા ઑક્સિડેશન–રિડક્શન પ્રક્રિયાઓ કોને કહે છે ? યોગ્ય ઉદાહરણ દ્વારા સમજાવો.

**21.**



**પ્રશ્નો :**

આપેલી આકૃતિ કયા પ્રકારનું રુધિર પરિવહન દર્શાવે છે. તેનો અર્થ જણાવો.

'$x$'માં કયા પ્રકારનું રુધિર પરિવહન થાય છે ? તેમાં અપવાદ જણાવો.

'$y$'માં કયા પ્રકારનું રુધિર પરિવહન થાય છે ? શા માટે ?

આપણું શરીર શાના કારણે કાર્યક્ષમ ઑક્સિજન પુરવઠો પ્રાપ્ત કરી શકે છે ?

**■ કારણ આપી સમજાવો. (કોઈપણ એક)** **3**

**22.** ઘડિયાળ રિપેર કરનાર બહિર્ગોળ લેન્સનો ઉપયોગ કરે છે.

**23.** સૌર–ભઠ્ઠી અને સોલર કૂકરમાં મોટો અંતર્ગોળ અરીસો વાપરવામાં આવે છે.

**■ બંધબેસતા જોડકા જોડો.** **3**

**24.**

| વિભાગ I (નામ) | વિભાગ II (અણુસૂત્ર) |
|---|---|
| 1. ક્વિકલાઇમ | a. $CaCO_3$ |
| 2. સ્લેક્ડ લાઇમ | b. $CaO$ |
| 3. આરસપહાણ | c. $Ca(OH)_2$ |

***Best of Luck***